**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

03 જૂન ,2020/ ૬૨૨૨

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

શ્રી વિજયભાઇ રૂપાણી,
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
ગાંધીનગર

**વિષય: હોટેલ અને રેસ્ટોરન્ટને સાંજે 8 વાગ્યા સુધી ખુલ્લી રાખવા અંગે**

આદરણીય મુખ્યમંત્રીશ્રી,

સરકારશ્રી એ ગુજરાતના આર્થિક વિકાસ ને ફરી વેગવંતુ કરવા માટે વેપાર -ઉધોગો ને છૂટછાટ સાથે પરવાનગી આપી છે એને અમે બિરદાવીએ છીએ.

સાહેબ શ્રી ,આપને વિદિત છે તે મુજબ લોકડાઉન દરમ્યાન હોટેલ અને રેસ્ટોરન્ટ સંપૂર્ણ રીતે બંધ હતા જેના લીધે આ વ્યવસાય સાથે સંકળાયેલા ધંધાદારીઓને બહુ માઠી અસર થઇ છે. આપશ્રી જાણો છો તે મુજબ આ વ્યવસાય નો મોટા ભાગ નો સમય સાંજ નો જ હોય છે. ત્યારે જાહેરનામા પ્રમાણે સાંજે 7 વાગ્યે જો એને બંધ કરી દેવામાં આવશે તો આ વેપારીઓને ધંધામાં આર્થિક બોજો વધતો જશે. ઉપરોકત વિષય પરત્વે અમને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફ થી રજૂઆત મળેલ છે જે આપની જાણસારું અત્રે બીડેલ છે.

અમારી આપને વિનંતી છે કે હોટેલ અને રેસ્ટોરન્ટને પીકઅપ , ડિલિવરી અને વ્યવસાય કરવાનો સમય સાંજે 8 વાગ્યા સુધી કરી આપવામાં આવશે તો આવા ઉધોગોને ફરી બેઠા થવા માટે ખૂબ મદદરૂપ થશે.અમને ખાત્રી છે કે હાલ ના સંજોગો ને ધ્યાન માં રાખી આપશ્રી આ અંગે ત્વરિત સકારાત્મક નિર્ણય લેશો.

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
પ્રમુખ

નકલ રવાના
1. શ્રી પ્રદિપસિંહજી જાડેજા ,માનનીય મંત્રીશ્રી ,ગૃહ અને ન્યાય વિભાગ
2. શ્રીમતી સંગીતા સિંહ , IAS,અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ
3. શ્રી સુનિલ વડોદરિયા,પ્રમુખ ,સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

બિડાણ : ઉપર મુજબ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org